**<u>ક્રિમિનલ પર.અરજ નં.૯૨૪/૨૦૨૬,ફોજદારી કેસ નં.૬૩૨/૨૦૨૧,નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના અરજદાર/આરોપી મિરજા અનવર મિનહાજબેગ,રહે.મુ.મુંબ્રા,મુંબઈ,મહારાષ્ટ્રવાળાઓની બી. એન.એસ.એસ.કલમ–૪૮૦ અન્વયેની રેગ્યુલર જામીન અરજી લગત હુકમ :–</u>**

**૧.** અરજદાર/આરોપીએ હાલની જામીન અરજી નેગો.ઈન્સ્ટ્રુ. એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે ફોજદારી કેસ નં.૬૩૨/ ૨૦૨૧ ના કામે કાઢવામાં આવેલ વોરંન્ટ તળે જેલમાં મોકલવામાં આવેલ તે સારૂ જામીન ઉપર મુકત કરવા અરજ ગુજારેલ છે.

**૨.** અરજદાર/આરોપીના વકીલશ્રીએ તેમની જામીન અરજીમાં લખ્યા મુજબની રજુઆત કરેલ છે અને વિશેષમાં રજુઆત કરેલ છે કે, આરોપી ગરીબ વર્ગના અને મજુરીયાત વર્ગના ઇસમ છે. કુંટુંબમાં તેમના સિવાય કોઈ સારસંભાળ રાખનાર જવાબદાર વ્યકિત નથી. અરજદાર કોર્ટમાં હાજર ન રહેવા પાછળનો તેઓનો કોઇ જ બદઈરાદો ન હતો,પરંતુ તેઓના કાબુ બહારના સંજોગોને લીધે અરજદાર કોર્ટમાં હાજર રહેલ નથી અને જેથી અરજદાર સામે વોરંન્ટનો હુકમ થયેલ. અરજદાર તેમના કુટુંબના કમાનાર ઈસમ છે અને જામીન ઉપર મુકત કરવામાં ના આવે તો જેલમાં રહેવુ પડે અને તેથી કુટુંબને ભુખે મરવાનો વારો આવે તેમ છે. નામદાર કોર્ટ જે કોઈ શરતો રાખશે તેનો આરોપી પાલન કરશે અને હાલના અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા નમ્રપણે વિનંતી કરેલ છે.

**૩.** સામાવાળાએ દલીલ કરી જણાવેલ છે કે,આરોપી મુદતે હાજર રહેતા ન હોઈ અને આરોપી મહારાષ્ટ્ર રાજયના વતની છે અને તેઓની સામેનો ગુનો ગંભીર પ્રકારનો હોય જામીન ઉપર મુકત નહી કરવા વિનંતી કરેલ છે.

**૪.** પક્ષકારોનો વકીલશ્રીઓને સાંભળ્યા.આરોપી સામેનો ગુનો અને ગુનાની ગંભીરતા ધ્યાને લેતાં,તેમજ આરોપી અરજીમાં જણાવેલ હકીકતો તેમજ અરજદાર ઉપર તેમના કુટુંબના ભરણ પોષણની જવાબદારી તેમના ઉપર છે તેમજ કોર્ટ ફરમાવે તેટલી રકમના જામીન આપવા તથા શરતોનુ પાલન કરવાની ખાત્રી આપે છે. આ સાથે

સામાવાળાની રજુઆતો ધ્યાને લેતાં હાલના આરોપી મહારાષ્ટ્ર રાજયના વતની છે અને જો જામીન ઉપર મુકત કરવામાં આવે તો મુદતે હાજર રહેશે કે કેમ ? તે હકીકત ધ્યાને રાખતાં આરોપીને નેગો. ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૩(એ) ની જોગવાઈઓ ધ્યાને રાખી આરોપીને શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહે તેમ હોય,નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–// હુકમ //–**

(૧) અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ હાલના કામે નેગો.ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૪૩ (એ)ની જોગવાઈ મુજબ **ચેકની રકમના ૨૦ % રકમ** અત્રેની કોર્ટમાં જમા કર્યેથી તથા **રૂા.૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દશ હજાર પુરા)** ના સધ્ધર જામીન તથા તેટલી જ રકમનો જાત મુચરકો રજુ કર્યેથી જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ **તા.૧૧મી,માહે ઓગસ્ટ,સને–૨૦૨૬**ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

મુકામ : પાલનપુર.
તા. ૧૧/૦૮/૨૦૨૬.

**(અકબરઅલી ફ્રેઆલમ અન્સારી)**
પાંચમાં એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,
બનાસકાંઠા–પાલનપુર.
(કોડ નં.જી.જે.–૦૧૨૬૪)